IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# અન્ન સુરક્ષામાં એ.કે.આર.એસ.પી.નો ફાળો એક અભ્યાસ. ( ડાંગ જિલ્લાના સંદર્ભમાં )

**ભાગ્યવાન સોલંકી. ( Ph.D. Scholar.) મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ,**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સુરત**

**પ્રસ્તાવના.**

ભારતીય અર્થતંત્રને વિકાસમાન અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ અર્થતંત્રના વિકાસના પ્રારંભિક તબક્કામાં કૃષિક્ષેત્ર અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. આપણો દેશ એક કૃષિ પ્રધાન દેશ છે. જ્યાં ખેતીને એક વ્યવસાય તરીકે જોવામાં ન આવતાં જીવનના એક ભાગ તરીકે જોવામાં આવે છે. દેશની વસ્તીનો મોટો ભાગ કૃષિક્ષેત્રે રોકાયેલો છે. તેથી મોટા ભાગનું અન્ન ઉત્પાદન કૃષિમાંથી મળે છે. આપણો દેશ આઝાદ થયો ત્યારે અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભર નહોતો અને પ્રાદેશિક અનાજની અછત સામાન્ય ઘટના હતી. ત્યારબાદ સરકારશ્રીના કાર્યક્રમો અને યોજનાઓ દ્વારા કૃષિ અને અન્ન સુરક્ષા વધે તેવા પ્રયાસો કરવામાં આવ્યાં. સરકારશ્રીની પૂરક એવી સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ અન્ન સુરક્ષા વધે તેવા પ્રયત્નો હાથ ધર્યા. જેમાંની દુનિયામાં કામગીરી કરી રહેલ સ્વૈચ્છિક સંસ્થાઓમાંની એક સ્વૈચ્છિક સંસ્થા ‘ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ ’ છે. ભારતમાં ગુજરાત રાજ્યના ડાંગ જીલ્લામાં કૃષિ અને અન્ન ઉત્પાદન માટેના અથાગ પ્રયત્નો થઇ રહેલાં છે. ડાંગ જીલ્લામાં ત્યાંના આદિવાસી ખેડૂતો પરંપરાગત ખેતી કરી રહ્યા છે તેના પરિણામે અન્ન ઉત્પાદન ઘટ્યું છે. આ સંસ્થાના માર્ગદર્શન દ્વારા આદિવાસી ખેડૂતો આધુનિક ખેતી અપનાવી તેથી અનાજ ઉત્પાદનમાં વધારો થયો છે તે એક કેસ સ્ટડી દ્વારા અત્રે પ્રસ્તુત સંશોધન પત્રમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

**અન્ન સુરક્ષા એટલે શું?**

પ્રાચીન સમયથી શરૂ કરીને વર્તમાન સમયમાં માનવીની ત્રણ જરૂરિયાતો કેન્દ્ર સ્થાને રહી છે. અન્ન, વસ્ત્ર અને રહેઠાણ. દરેક માનવી આ ત્રણ પાયાની જરૂરિયાત સંતોષવા આર્થિક પ્રવૃત્તિ કરે છે. માનવ જીવનને ટકાવી રાખવા માટે પોષણયુક્ત ખોરાક અગત્યનું પરિબળ છે. પોષણયુક્ત ખોરાક માનવીની શારિરીક અને માનસિક કાર્યક્ષમતામાં વધારો કરે છે. જે દેશના ભાવિ માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. વળી, આધુનિક સમયમાં દરેક રાજ્યો કલ્યાણલક્ષી આદર્શને વરેલા હોવાથી માનવીની પાયાની જરૂરિયાત તરીકે અન્ન સુરક્ષા પૂરી પાડવાની છે.

**અન્ન સુરક્ષાનો અર્થ** :

“ દરેક વ્યક્તિઓ માટે બધાં જ સમયે સક્રિય અને સ્વસ્થ્ય જીવન માટે પૂરતા ખોરાકની પ્રાપ્તિ એટલે અન્ન સુરક્ષા.”

- World Development Report (1986)

“ ભૌતિક અને આર્થિક બંને રીતે બધાં જ વ્યક્તિઓ માટે દરેક સમયે તેમના માટે જરૂરી પાયાના ખોરાકની પ્રાપ્તિ એટલે અન્ન સુરક્ષા.” - Food and Agriculture Organisation. (1983)

**સંશોધન પદ્ધતિ.**

**અભ્યાસના હેતુઓ.**

૧. ખેડૂતોની ખેત પદ્ધતિની વાસ્તવિક પરિસ્થિતિ જાણવી.
૨. આધુનિક ખેત પદ્ધતિ અપનાનાવાથી આવેલ પરિણામો જાણવા.
૩. આધુનિક ખેત પદ્ધતિ દ્વારા અન્ન સુરક્ષામાં એ.કે.આર.એસ.પી.(આઈ) સંસ્થાની ભૂમિકા તપાસવી.

**ક્ષેત્રની પસંદગી**.

સંશોધન વિશેની પ્રાસંગિકતાને ધ્યાને લઈને સંશોધકે આ સંશોધન માટે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાંના ડાંગ જિલ્લાની પસંદગી કરી છે. ભૌગોલિક રીતે આ જિલ્લો ગુજરાત રાજ્યના છેવાડાનો જિલ્લો છે. ડાંગએ રામાયણ કાળનું દંડ કારણ્ય એટલે કે આજના સમયમાં સહ્યાદ્રીની પર્વતમાળાથી ઘેરાયેલો અને કુદરતી સંપદાથી ભરપૂર જિલ્લો છે. ડાંગ જિલ્લાને બ્રિટીશરો ' The Dangs ' નામથી ઓળખતાં હતાં. ડાંગ જિલ્લાનું વડું મથક આહવા છે. ડાંગ જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૧,૭૨,૩૫૭ હેક્ટર છે. ડાંગની મૂળ જાતિઓમાં કુનબી, ભીલ, વારલી અને કોટવાળીયા જાતિનું પ્રાધાન્ય છે. આ જાતિઓનું સામાજિક-આર્થિક જીવન મુખ્યત્વે વન આધારિત છે. આ જિલ્લામાં અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા મુખ્ય નદીઓ આવેલી છે. ડાંગ જિલ્લામાં ૯૪.૬૫ ટકા સૌથી વધુ આદિવાસી વસ્તી રહે છે. અહિ આદિવાસી મહિલાઓનો સાક્ષરતા દર ૬૮.૭૫ ટકા છે અને ડાંગ જિલ્લાના કુલ ગામો ૩૧૧ છે.

**નમૂનાની પસંદગી**,

આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) AKRSP(I) સંસ્થા દ્વારા આદિવાસી ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિ અપનાવે અને અન્ન સુરક્ષામાં વધારો થાય તે માટેં વિવિધ પ્રયાસો હાથ ધરે છે. જેમકે વિવિધ પાકોમાં શ્રી પદ્ધતિ, કિચન ગાર્ડન, વિવિધ ડેમોસ્ટ્રેશન, પાક ફેરબદલી વગેરે અહિ વઘઇ તાલુકાના ૩૮ ગામોમાં કામગીરી કરે છે. આ ગામો પૈકી માછળી ગામમાં શ્રી પદ્ધતિથી ખેતી કરતાં કુલ ખેડૂતો ૧૨૬ છે. તેમાંથી એક કેસ સ્ટડી દ્વારા ખેતીમાં શ્રી પદ્ધતિ અપનાવવાથી અન્ન સુરક્ષામાં વધારો થયો તે જાણવા અહિ નમૂનાની પસંદગી કરેલ છે..

**આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)નો પરિચય.AKRSP(I)**

આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) AKRSP(I) એ બિન સરકારી સંસ્થા(NGO) છે. તેની શરૂઆત ૧૯૮૩-૮૪માં થઇ હતી. વિશ્વમાં વિવિધ દેશોમાં કેનેડા, યુ.એસ.એ, યુરોપ, દક્ષિણ આફ્રિકા, કેનિયા, પાકિસ્તાન, સ્વીત્ઝરલેન્ડ, અફઘાનિસ્તાન અને ભારત જેવા દેશોમાં તેનું કાર્ય ક્ષેત્ર છે. ભારત દેશમાં મધ્ય પ્રદેશ, બિહાર અને ગુજરાત રાજ્યમાં કુલ ૧૨ (બાર) જિલ્લાઓ સુરત, નવસારી, સુરેન્દ્રનગર, જુનાગઢ, ભરૂચ, નર્મદા, રાજકોટ, મોરબી, દ્વારકા, પોરબંદર, સોમનાથ અને ડાંગ જિલ્લામાં કાર્યાન્વિત તાલુકાઓ સુબીર, આહવા અને વઘઈના કુલ ૧૩૨ ગામોમાં કાર્યરત છે. તેની કામગીરીમાં પીવાના પાણી, ડેરી અને કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન, સિંચાઇ અને સૌર ઊર્જા, જમીન સંરક્ષણ, પંચાયતી રાજ, આદિવાસી સ્ત્રીઓનું સશક્તિકરણ થાય તેવી કામગીરી કરે છે. તદઉપરાંત આ સંસ્થા દ્વારા આદિવાસી ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિ અપનાવે અને અન્ન સુરક્ષામાં વધારો થાય તે માટેં વિવિધ પ્રયાસો હાથ ધરે છે. જેમકે વિવિધ પાકોમાં શ્રી પદ્ધતિ, કિચન ગાર્ડન, વિવિધ ડેમોસ્ટ્રેશન, પાક ફેરબદલી વગેરે અહિ વઘઇ તાલુકાના ૩૮ ગામોમાં કાર્ય કરે છે. ૩૮ ગામો પૈકી માછળી ગામમાં શ્રી પદ્ધતિથી ખેતી કરતાં કુલ ખેડૂતો ૧૨૬ છે. તેમાંથી એક કેસ સ્ટડી દ્વારા ખેતીમાં શ્રી પદ્ધતિ અપનાવવાથી અન્ન સુરક્ષામાં વધારો થયો તે જાણવાનો અહિ નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**એ.કે.આર.એસ.પી.(આઈ) દ્વારા અન્ન સુરક્ષામાં થયેલ વધારો**.

વઘઈથી આશરે ૧૭ કિમી દુર આવેલું ગામ માછળી. આ ગામમાં કુલ વસ્તી જેમાં મુખ્યત્વે કોંકણી, ભીલ અને વારલી જાતિના લોકો રહે છે. ગામના વિકાસ માટે ગ્રામ પંચાયત તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થાઓમાં આગાખાન સંસ્થા મુખ્યત્વે કામગીરી કરે છે. જેમાં જમીન સંરક્ષણ, સ્વ સહાય જૂથ, જળ વ્યવસ્થાપન અને ખેતીવાડીમાં લોકો આધુનિક ખેતી પદ્ધતિ અપનાવતાં થાય તેથી તેમની અન્ન સુરક્ષા વધે તે માટેના પ્રયત્નો કરે છે. જેમકે કિચન ગાર્ડન, બોરી બગીચા, ડ્રીપ, દરેક પાકમાં શ્રી પદ્ધતિનો ઉપયોગ કરવો વગેરે. અહિ ખેતીમાં શ્રી પદ્ધતિથી ખેતી કરતાં ખેડૂતની એક કેસ સ્ટડી દ્વારા પરંપરાગત ખેતી પદ્ધતિ કરતાં હતા ત્યારે કેવી પરિસ્થિતિ હતી અને આધુનિક ખેતી પદ્ધતિમાં શ્રી ખેતી પદ્ધતિ અપનાવવાથી અન્ન સુરક્ષામાં વધારો થયો છે અથવા બીજા અન્ય ફાયદાઓ થાય છે. તે જાણવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

શિવરામભાઈ ગાવિત જેઓ માછળી ગામના વતની છે. તેમના કુટુંબમાં ચાર સભ્યો છે. તેમની પાસે ત્રણ એકર જમીન છે. તેઓ ખેતીમાં તુવેર, અડદ, ડાંગર, નાગલી, વરીઈ વગેરે પાકો કરે છે. જેમાં ડાંગર અને નાગલીનો પાક મુખ્ય છે તેના દ્વારા આખા

વર્ષનું ખાવા માટેનું અનાજ મળી રહે છે. પહેલાં તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હતી કેમકે તેઓ પરંપરાગત ખેતી કરતાં હતાં. તેથી ઉત્પાદન પણ ઓછું મળતું હતું તેથી ક્યારેક વર્ષ દરમિયાન ખાવાં માટે અનાજની પણ મુશ્કેલી સર્જાતી હતી પરંતુ, આગાખાન સંસ્થાના માર્ગદર્શન દ્વારા આધુનિક ખેતી પદ્ધતિમાં શ્રી પદ્ધતિ અપનાવી છે. ચોમાંસુની ઋતુમાં તેઓએ શ્રી પદ્ધતિથી ડાંગરની રોપણી કરેલ હતી. શ્રી પદ્ધતિના ફાયદાઓ જેવાકે ઓછા બિયારણે વધુ ઉત્પાદન, નિંદામણ કરવું સહેલું, મજુરી ખર્ચ ઓછો, સમયનો બચાવ, ખાતરનો બચાવ વગેરે. જાણીને શિવરામભાઈએ પોતની ત્રણેય એકર જમીનમાં ૨૫-૨૫ સેમીના ડાંગરની રોપણી કરી હતી. સમયે સમયે આગાખાન સંસ્થા દ્વારા માર્ગદર્શન મળતું રહેતું હતું. સમય જતા ડાંગરનો પાક ખુબ જ વૃદ્ધિ અને વિકાસ પામ્યો. પરંપરાગત ડાંગરની રોપણીથી જેટલી ફૂટ નોહતી થતી તેનાથી ચાર ગણી ફૂટ આ ખેતીમાં જોવા મળી હતી. અંતે કાપણીના સમયે કાપણી કરી અને તેનું ઉત્પાદન જોઇ શિવરામભાઈને નવાઈ લાગી કે તેમને જેટલું ધારેલું તેના કરતાં ચાર ગણું ઉત્પાદન વધેલું જોયું. તેઓ પાસેથી જાણવા મળ્યું કે પરંપરાગત ડાંગરની ખેતી પદ્ધતિથી ત્રણ એકરમાંથી ૧૬૦ થી ૧૭૦ મણ ઉત્પાદન મળતું હતું. જયારે આધુનિક ખેતી પદ્ધતિમાં શ્રી પદ્ધતિથી ડાંગરની રોપણી કરી તો તેમને ત્રણ એકર માંથી ૨૩૧ મણ ડાંગરનું ઉત્પાદન મળ્યું હતું. શ્રી પદ્ધતિથી ડાંગરના ઉત્પાદનમાં ૬૧ મણનો વધારો થયો હતો. તેમજ ૧૮૦૦ થી ૨૩૦૦ જેટલાં ડાંગરના પુળીમાં પણ વધારો નોંધાયો હતો. તેમાંથી તેમને ૫૦ મણ ડાંગર ઘરે પોતાના ખાવા માટે અને બાકીની ૧૮૧ મણ ડાંગરનું વેચાણ કર્યું હતું. ૧ મણનો ભાવ તેમને ૨૫૨ રૂપિયા મળ્યાં હતાં. (૧૮૧*૨૫૨=૪૫,૬૧૨/-) તેમનો કુલ ખેતી ખર્ચ ૧૩૦૦૦ રૂપિયા થયો હતો. કુલ આવકમાંથી ખર્ચ બાદ કરતાં તેમને ૩૨,૬૧૨ રૂપિયા ચોખ્ખો નફો મળ્યો હતો. શ્રી પદ્ધતિથી મજુરી ખર્ચ ઘટ્યો હતો, ખાતરનો બચાવ થયો હતો તેમજ ખેતી ખર્ચમાં પણ ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. આમ તેઓને હવે વર્ષમાં ખાવા માટે અનાજની મુશ્કેલી નહી સર્જાય તેથી તેમની અન્ન સુરક્ષા વધેલી જોવા મળી હતી. તેઓ હવેથી દર વર્ષે શ્રી પદ્ધતિથીજ ડાંગર અને નાગલી રોપણી કરે છે આ ગામમાં આગાખાન સંસ્થા આવવાથી આ ગામની તેમજ ગામના લોકોની પરિસ્થિતિમાં બદલવા આવ્યો છે અને ગામના લોકો આધુનિક ખેતી તરફ વળ્યાં છે.

**તારણો.**

૧. પરંપરાગત ખેતી પદ્ધતિની જગ્યાએ આધુનિક ખેતી પદ્ધતિ અપનાવતા થયાં છે.
૨. શ્રી પદ્ધતિ અપનાવવાથી ખેતીમાં સમયનો બચાવ થયો તેમજ ખાતર ખર્ચ ઘટ્યો, બિયારણના વપરાશમાં પણ ઘટાડો થયો.
૩. નિંદામણ કરવું સહેલું બન્યું તેમજ ફૂટમાં પણ વધારો થયો.
૪. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો તેથી તેમના બાળકોને સારું શિક્ષણ આપી શકવામાં સક્ષમ બન્યા.
૫. દર વર્ષે શ્રી પદ્ધતિથી ડાંગર તેમજ નાગલીના પાકની રોપણી કરે છે.
૬. આધુનિક ખેતી પદ્ધતિથી અન્ન ઉત્પાદન વધ્યું છે તેથી અન્ન સુરક્ષામાં વધારો થયો છે.
૭. આગાખાન સંસ્થા દ્વારા ખેત પદ્ધતિમાં પરિવર્તન આવવાથી અન્ન સુરક્ષામાં વધારો થયો છે.

**સંદર્ભસૂચિ.**

૧. અર્થસંકલન અંક - નવેમ્બર -૨૦૧૮.
૨. યોજના અંક – જુલાઈ- ૨૦૦૮.
૩. www.google.co.in
૪. www.akrspi.org